# Phone call between Prime Minister Shri Narendra Modi and Her Excellency Mette Frederiksen, Prime Minister of Denmark

May 14, 2020

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ડેન્માર્કનાં વડાપ્રધાન મહામહિમ મેટ્ટે ફ્રેડેરિક્સન વચ્ચે ફોન કૉલ

મે 14, 2020

આજે વડાપ્રધાને ડેન્માર્કનાં વડાપ્રધાન મહામહિમ મેટ્ટે ફ્રેડેરિક્સન સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

નેતાઓએ કોવિડ-19 મહામારી નિયંત્રણમાં લેવા માટે બન્ને દેશોમાં લેવામાં આવેલા પગલાઓ પરની વિગતોની તુલના કરી હતી. વડાપ્રધાને ચેપમાં વધારો ન થાય તે રીતે લોકડાઉન નિયંત્રણો ઉઠાવવામાં ડેન્માર્કની સફળતાની પ્રશંસા કરી હતી. તેઓ સંમત થયા હતા કે એકબીજાનાં અનુભવમાંથી શિખવા માટે ભારતીય અને ડેનિશ તજજ્ઞો સંપર્કમાં રહેશે.

બન્ને નેતાઓએ ભારત-ડેન્માર્ક સંબંધો વધુ મજબૂત કરવાની તેઓની સંયુક્ત મનોકામનાઓનું પુનઃઉચ્ચારણ કર્યું હતું, અને કોવિડ-બાદનાં વિશ્વમાં બન્ને દેશો સાથે મળીને કાર્ય કરી શકે તેવા માર્ગોની ચર્ચા કરી હતી.

તેઓએ 12 મે 2020 નાં રોજ બન્ને વિદેશ મંત્રીઓ વચ્ચે જોઇન્ટ કમિશન મીટિંગ સફળતાપૂર્વક સંપન્ન કરવા બદલ અભિવાદન કર્યું હતું.

આરોગ્ય સંશોધન, ક્લીન અને ગ્રીન એનર્જી, આબોહવાનાં ફેરફારની સ્થિતિસ્થાપકતા પરસ્પર લાભકારક જોડાણ માટે અદ્ભૂત અવકાશ ઑફર કરે છે તે બાબત પર સંમત થવા સાથે, નેતાઓએ ભારત અને ડેન્માર્ક વચ્ચે મજબૂત ગ્રીન સ્ટ્રેટેજીક પાર્ટનરશીપનું નિર્માણ કરવા તરફ તેઓની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

**નવી દિલ્હી**
**મે 14, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.